# ★ વિચારવાની વાત...... ★

## (અનુવાદકની કલમે)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

પ્રસ્તુત લેખમાં તમામ તે પીરોની હકીકત રજુ કરવામાં આવી છે **જેઓ દીની ઈલ્મવાળા હોય** કે **દીની ઈલ્મ વગરના અજ્ઞાન હોય** પણ શરીઅતની વિરૂધ્ધ કામો જાહેરમાં કરતા હોય છે અને ખાનદાની શોહરત તથા અવનવી ટ્રિકો વડે પબ્લિકનું આકર્ષણ જમાવીને બેઠા છે.

અજબની વાત છે કે **કુર્આન, હદીષ તથા આગલા સાચા પીરો, બુઝુર્ગાને દીન તથા મહાન આલિમોની દષ્ટિએ જેઓ પીર થવાને લાયક નથી છતાં ઈલાકાના ઈલાકા તેમના કબજા હેઠળ છે !** અને શરીઅત વિરૂધ્ધ વર્તતા આવા પીરો વિશે જાણવા છતાં પણ પબ્લિકમાંથી કે આલિમોમાંથી (અમુક સિવાય)કોઈ કાંઈ કહેવા તૈયાર નથી ! ઈલ્લા માશાઅલ્લાહ ! બલ્કે દુનિયાવી લાભ ખાતર તેવા પીરોની ખુશામદમાં લાગેલા જોવા મળે છે. લોકોને રાજી રાખવા ખાતર હક્ક વાત નથી કહેતા ! હકીકતમાં ખિદમતે દીન તો એ જ છે કે હક્ક વાતનું એલાન કેવળ ખુદાનો ખૌફ રાખીને કરવામાં આવે જેથી પબ્લિક ખોટા ભરમોમાં રહી ગુમરાહ થતાં બચે.

વર્તમાનકાળમાં અમીર ખુશરૂ જેવા મુરીદ બનવા તાકીદ થાય છે પણ હઝરત નિઝામુદ્દીન ઔલિયા જેવા પીર ક્યાં છે ? બેશક ! યકીનન ! સાચા પીરની તા'ઝીમ લા'ઝમી તથા જરૂરી છે, પણ આજકાલ પીરનો મકામ શું છે ? તથા પીરની કેવી અદબ કરવી ? વગેરે દર્શાવતી સૂફિયાણી વાતો ખૂબ લખાય તથા છપાય છે પણ **શરીઅતની રૂએ પીર કોને કહેવાય ? તેની શું શરતો છે ? તે ફાડી તોડીને (અમુક સિવાય) કોઈ ભાગ્યે જ લખે છે. ઈલ્લા માશાઅલ્લાહ !** વળી આજે ઘણા લોકો પોતાના પીરની તથા પોતે મુરીદ થયા તે જ સિલસિલાની તારીફ કરવામાં ખૂબ જ અતિશ્યોક્તિ કરી નાખતા હોય છે. અને અમુકનો તો કેવળ એ જ જોબ બની ગયો છે અને કેવળ એને જ ખિદમતે દીન સમજી લીધી કે વાત વાતમાં પોતાના પીરની ખરી ખોટી તારીફ કર્યા કરવી અને અન્યોની વિરૂધ્ધ ખોટો પ્રચાર કરવો ! જ્યારે કે દરેક સિલસિલા તથા **બાશરઅ પીર**ની તા'ઝીમ જરૂરી છે.

બહુ સારી વાત છે, **જેને શરીઅતનો ચુસ્ત પાબંદ તથા અન્ય ''પીર થવા માટેની શરતો ધરાવનાર'' પીર મળે તો ખુશ થાય, ખુશ રહે અને તેની ચર્ચા કરતો રહે.** પણ અમુક તો બસ અંધશ્રધ્ધામાં રહીને પીર થવાની શરતો જેનામાં પૂરી નથી થતી છતાં બસ હઠધર્મીની જેમ એક જુનૂન (દીવાનાપન) લઈને ફરે છે અને **શરીઅતના હુકમો મુજબ જે પીર થવાને પણ લાયક નથી તેને ''વલી'' અને ન જાણે શું શું લકબો આપી દે છે અને તેની કાંઈ કેટલીયે કરામતો પણ વહેતી થઈ જાય છે !**

આશ્ચર્યની વાત તો એ છે કે **આગલા મહાન વલીઓએ વલી કોને કહેવાય તે સમજાવ્યું છે, તો તેમના કથનાનુસાર જે વલી હરગિઝ નથી, છતાં પોતે પોતાના માની લીધેલા પીરને મહાન કામિલ વલી જ ગણે છે !**

અને અફસોસની વાત એ છે કે **જો કોઈ પ્રેમપૂર્વક પણ એવા માણસને "કુર્આન" તથા "હદીષ"ની રૂએ "ઉલ્માના અકવાલ" (બુઝુર્ગો તથા આલિમોના કથનો) થકી જણાવે છે કે તમે જેને પીર ગણો છો તે પીર નથી થઈ શક્તો વલી તો દૂરની વાત છે, તે ઈમામતને લાયક પણ નથી ! આ રહી પીર થવા માટેની શરતો એને વાંચો અને સચ્ચાઈને સ્વીકારો !** તો સત્ય સ્વીકારવાને બદલે તે વ્યક્તિનો દુશ્મન બની જશે ! આ કેવા આશિકે રસૂલ કે રસૂલની શરીઅત સ્વીકારવી નથી ગમતી ! અને ગલત પીરની પાછળ દીવાના બની દોડવું છે !

એથી અધિક અફસોસ તથા આશ્ચર્ય તો ત્યારે થાય છે **જ્યારે પોતાને આલિમ-મોલ્વી કહેવડાવનારા અમુક લોકો પણ શરીઅત વિરૂધ્ધ વર્તતા પીરોને મહાન હસ્તી અને વલી કહે છે અને રોજ બરોજ લકબો ઉમેરતા જાય છે !** અને અજ્ઞાન પબ્લિકને ગેરમાર્ગે દોરે છે.

હે લોકો ! **આપણે કુર્આન, હદીષ પર ઈમાન રાખનારા છીએ અને ઉલમા તથા ઔલિયાના કથનોને જીવ જાનથી માનનારા છીએ, પછી દેખતી આંખે શા માટે ગુમરાહીમાં પડીએ ?!** અને જો આપણે કુર્આન, હદીષ તથા ઉલમાથી મોઢું ફેરવી કોઈ વ્યક્તિની અકીદતમાં આંધળા બનીએ તો પછી એને વ્યક્તિ પૂજા જેમ નહીં કહેવાય ?! અને શરીઅતની વાતોથી મોઢું ફેરવવાનો અંજામ ગુમરાહીની ઊંડી અંધારી ખાઈ સિવાય કાંઈ જ નથી. આવા નાઝુક સમયે સાચા પીરને પારખવા માટે ક્લીન આઈનાની જરૂર હતી જે અત્રે **ફાઝિલે નવજવાન જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી** સાહબે રજુ કરી આપ્યો છે, દરેક ઈમાનદારીથી પોતાના પીરને એમાં જોઈ લે, પારખી લે, તપાસી લે અને હક્કને સ્વીકારી ગુમરાહીથી બચે એ જ વિનંતિ છે. *(–અનુવાદક)*


## જાઅલ્ હક્ક (ઐતિહાસિક કિતાબ)

**લેખક : હઝરત અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

કુર્આન, હદીષ, ઉલમાનાં કથનો, અકલી દલીલો, વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો સાથે અહલે સુન્નત વ જમાઅત જે સહાબા, તાબઈન, ઔલિયાથી ચાલ્યો આવે છે તે જ મસ્લકે આ'લા હઝરતની હક્કાનિયતને દર્શાવતી તથા દેવબંદી, ગૈરમુકલ્લિદ વગેરેના બાતિલ અકીદાઓનું ખંડન કરતી કિતાબ જરૂરથી મંગાવો.

વાંચો ! વંચાવો ! વર્તમાનકાળમાં દુનિયાવી તમામ આફતોથી બચાવવા તમે સતત ઔલાદનું રક્ષણ કરો છો તો આખેરતની આફતોથી ઔલાદને બચાવવા આવી કિતાબો તમારા ઘરમાં વસાવો :

- ★ **જાઅલ્ હક્ક ભાગ-૧ (૧૫/- રૂા.)**
- ★ **જાઅલ્ હક્ક ભાગ-૨ (૧૫/- રૂા.)**
- ★ **જાઅલ્ હક્ક ભાગ-૩ (૨૦/- રૂા.)**
- ★ **જાઅલ્ હક્ક ભાગ-૪ (૨૦/- રૂા.)**
- ★ **જાઅલ્ હક્ક ભાગ-૫** (કામ ચાલી રહ્યું છે) આ સાથે જાઅલ્ હક્ક કિતાબ સંપૂર્ણ થશે. વધુ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ**

બયઅતનો સિલસિલો એટલે કે પીરી મુરીદી એ મુસલમાનોની હાલતોની સુધારણા, નફ્સની પાકી, દિલની આંત્રિક સફાઈ અને ખુદા عزوجل સુધી પહોંચવાનો એક શ્રેષ્ઠ ઝરીયો તથા વાસ્તો છે. તેની જરૂરત તથા મહત્વનો ઈન્કાર નથી થઈ શક્તો. પરંતુ કોઈ મર્દના હાથમાં હાથ આપતાં પહેલાં એ બાબતને લક્ષમાં રાખવામાં આવે કે **આ રંગબેરંગી દુનિયામાં એવા અસંખ્ય લોકોથી વાસ્તો પડશે જેઓ જાહેરમાં તો દરવેશ સૂરત જોવા મળશે પરંતુ હકીકતમાં દરવેશના લિબાસમાં ધોકાબાઝ હશે અને રાહબરોના સ્વાંગમાં લૂંટારા મળશે.** તમારે એવા જૂઠા સૂફીઓ સાથે પણ વાસ્તો પડશે જેઓ મસ્નદે ઈર્શાદ (પીરની ગાદી)ની શોભા તો હશે પરંતુ તેમનો દામન ઈલ્મ તથા અમલથી તદ્દન ખાલી હશે. જો થોડો ઈલ્મ હશે તો તકવાથી દૂર જોવા મળશે, ઈલ્લા માશાઅલ્લાહ ! એ વાત ધ્યાનમાં રાખશો કે પીરો જેવો દેખાવ તથા ભપકો ઉભો કરીને કોઈ પીરે તરીકત નથી બની શક્તું !

અમુક પોતાની ચાલાકીઓ અને વાકછટા વડે લોકોને પ્રભાવિત કરીને પોતાની દુકાનદારી ચમકાવે છે અને **ઘણા ભોળાભાળા લોકો તેમની પ્રપંચજાળમાં સપડાય જાય છે અને તેમને એહસાસ સુધ્ધાં નથી થતો કે તે એક પ્રપંચી ધોકાબાઝની જાળમાં ફસાઈ ચૂકેલ છે !** એમાંના અમુક સમજદાર મુરીદોને જ્યારે એ એહસાસ થાય છે કે તે એક નફસ પરસ્ત દુનિયાદારની પ્રપંચજાળમાં ફસાઈ ચૂકેલ છે તો તેઓ અફસોસ સાથે કહે છે કે :–

ચમન કે રંગો બૂને ઈસ કદર ધોકે દિયે મુઝકો
કે મૈંને ઝૌકે ગુલબોસીમેં કાંટોં પર ઝબાં રખ દી

અમુક ગાદીનશીન તમને એવા પણ મળશે જે જાતે પોતે **ઈલ્મે તરીકત તો દૂરની વાત છે શરીઅતના ઈલ્મથી પણ જાહિલ હોય છે !** અલ્બત્ત ! તેમની ખુશનસીબી કહી લો કે તેમણે એવા ખાનદાનમાં અને ઘરનામાં જન્મ લીધો કે જેમના બાપદાદામાં કોઈ અલ્લાહનો વલી જરૂર થઈ ગયો હોય છે જેની ગાદી તેમને વારસામાં હાથ લાગી ગઈ ! અને આ જનાબ કુર્આન તથા હદીષ અને દીનના ઈલ્મોથી કોરા હોવા છતાં **"સજ્જાદાનશીન"** અને **"પીરે તરીકત"** બની બેસે છે. **જેમ કે આજકાલ રિવાજ ચાલે છે કે "પીરનો બેટો પીર !" ચાહે પીર થવાની શરતોવાળો હોય કે ન હોય !**

મીરાષમેં આઈ હૈ ઉન્હેં મસ્નદે ઈર્શાદ
ઝાગોં કે તસર્રુફમેં એકાબોં કે નશેમન

કેમ કે એ જનાબ ખૂદ જ તરીકતથી જાહિલ છે તો અન્યોની

રહનુમાઈ કઈ રીતે કરી શકે છે ?! એવા જ લોકો માટે કોઈકે શું સરસ કહ્યું છે ! :–

તુમ્હેં આબાસે અપને ક્યા નિસ્બત ?
તુમ સરાપા ગુફ્તાર, વો સરાપા કિરદાર !

[**અર્થ** : તમારે તમારા બાપદાદા સાથે શું સંબંધ ? તેઓ કિરદારના ધણી હતા અને તમે વાતોનાં વડાં કરનારા છો !]

કેટલાક આમિલ પ્રકારના (તાવીઝ–દોરા કરનારા) લોકોએ પોતાના અમલિયાતના જોર પર પીરી મુરીદીનો ધંધો ચમકાવી રાખ્યો હોય છે, આ બેપર્દા ઔરતોનાં ટોળાં લઈ બેસનારાઓને ઝોહદ તથા તકવાથી દૂરનોય સંબંધ નથી હોતો. ભોળાભાળા લોકો અને સ્ત્રીઓ તેમના તાવીઝ દોરાના કારણે અકીદત રાખીને તેમનાં મુરીદ થઈ જાય છે.

એ જ પ્રમાણે એવા લોકો પણ મળશે જેમણે દુરવેશીનો કેવળ પોશાક ઓઢી રાખ્યો હોય છે, તેઓ જભ્ભા તથા પાઘડીમાં સજ્જ બુઝુર્ગોની જેમ રૂપ ધારણ કરીને ખરેખર બુઝુર્ગ લાગે છે અને મઅરેફતના હવાલાથી સૂફિયાણી વાતો પણ કરે છે પરંતુ કિરદાર તથા અમલના ધણી નથી હોતા, કેવળ લોકો પર પ્રભાવ પાડી દુકાનદારી ચમકાવી રાખી હોય છે. લોકો એમની યુક્તિઓથી પ્રભાવિત થઈને તેમના દામનથી વાબસ્તા (મુરીદ) થઈ જાય છે, જ્યારે કે તેઓ સુન્નતને ત્યજનારા અને શરીઅતના હુકમોથી મુખ ફેરવનારા હોય છે. નમાઝ સાથે તેમને દૂરનોય સંબંધ નથી હોતો અને મસ્જિદ ભણી મોઢું કરવાથી પણ નાસે છે ! પરંતુ આંધળી અકીદત તથા જેહાલત તથા અજ્ઞાનતાના કારણે લોકો પથ્થર અને



હીરામાં તફાવત નથી કરી શક્તા અને અન્ય લોકોની દેખાદેખી કેવળ ભીડ તથા શોરના કારણે આવા દુન્યાપરસ્ત તથા નફ્સ પરસ્ત પીરોના ચુંગાલમાં ફસાઈ જાય છે. આ પીરોને કુર્આન તથા હદીષની કસોટી પર નથી પારખતા અને તેમના હાથોમાં હાથ આપી દે છે. **હઝરત મૌલાના રૂમ સાહબ** رحمۃ اللہ علیہ દુન્યા પરસ્ત પીરોથી બચવાની તા'લીમ આપતાં ઈર્શાદ ફર્માવે છે :–

અય બસા ઈબ્લીસ આદમ રૂએ હસ્ત
પસ બેહતર દસ્તે ન બાયદ દાદ દસ્ત

[**અર્થ** : ઘણા શૈતાનો માનવરૂપમાં જોવા મળે છે જેથી દરેક એવા માણસના હાથમાં હાથ ન આપી દેવો જોઈએ.]

આ બધું જોઈને જ કોઈક શાયરે સરસ કહ્યું છે કે :

પળી હૈ સબ ઉઝળી હૂઈ ખાનકાહેં
વો દરવેશો સુલ્તાં કી ઉમ્મીદગાહેં

જહાં ઈલ્મે બાતિન કી ખુલતી થી રાહેં
ફરિશ્તોં કી પળતી થી જિન પર નિગાહેં

વો જઝ્બે ઈલાહી કે ફંદે કહાં હૈં
વો અલ્લાહ કે પાક બંદે કહાં હૈં

પ્યારા વાંચકો ! ઉપરોક્ત વર્ણનથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે પીરી મુરીદી એક સારી ચીજ છે, કોઈપણ સહીહુલ અકીદા મુસલમાન પીરી મુરીદીનો ઈન્કાર નથી કરી શક્તો. **પણ આ દૌરની ખૂબ જ દુઃખદાયક વાત છે કે દરેક અયરો ગયરો પીરે તરીકત તથા શયખે તરીકત**

**થવાનો દા'વેદાર છે ! જ્યારે કે પીર અને શયખે તરીકત થવા માટે કેટલીક શરતોની પાબંદી અનિવાર્ય છે, એ શરતોની પાબંદી સિવાય કોઈ પણ હોય પીર થવાને લાયક નથી ભલે તે ગમે તેટલો ઈલ્મવાળો તથા મોટા બુઝુર્ગના ખાનદાનથી સંબંધ ધરાવતો હોય !** જે રીતે ઈમામતના ક્ષેત્રમાં વારસાપણુ નથી ચાલતુ કે ઈમામ બનવા માટે કેટલીક શરતો છે, ઈમામનો પુત્ર તે શરતોના વિના ઈમામ નથી બની શક્તો, એ જ પ્રમાણે તરીકતમાં વારસાપણુ નથી ચાલી શક્તું ! કેમ કે **એમાં પણ અમુક શરતો છે જેના વિના પીરનો સગો પુત્ર પણ પીર નથી બની શક્તો.** એટલા માટે અમે વિચાર્યું કે સામાન્ય મુસલમાનોના લાભ માટે પીર થવા માટેની શરતોનું મોઅતબર (વિ□સનીય) કિતાબોના હવાલાથી વર્ણન કરી દેવામાં આવે અને સાથોસાથ પબ્લિકના ફાયદા માટે એ પણ દર્શાવી દેવામાં આવે કે શું ખાસ ખુદાના બંદાથી દા.ત. ઝૈદથી મુરીદ થવું જરૂરી છે કે નહીં ? જો જરૂરી નથી તો પછી સૂફી હઝરાતના આ કથનનો શો મતલબ છે કે, 'જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન છે !'' હવે પ્રથમ નીચેના લખાણને ધ્યાનપૂર્વક વાંચો :–

હનફી ફિકહની મશ્હૂર કિતાબ બહારે શરીઅત, ભાગ–૧, પેજ–૭૯ ઉપર પીરી મુરીદીની શરતો ગણાવતાં અલ્લામા સદરુશ્શરીઅહ્ બદરુત્તરીક્હ્ અમજદઅલી આ'ઝમી قدس سرہ લખે છે :–

''પીરી મુરીદી માટે **ચાર શરતો** છે, મુરીદ થતાં પહેલાં તેનો લેહાઝ રાખવો **ફર્ઝ** છે.

**પ્રથમ શરત** : **પીર સુન્ની સહીહુલ્ અકીદા હોય.** એટલે અહલે સુન્નત વ જમાઅતના મુજબના અકીદા ધરાવતો હોય જે અકીદા સહાબા, તાબઈ, તબે તાબઈ તથા ઔલિયાએ કિરામથી ચાલ્યા આવે છે, જેને આજકાલ **સુન્ની બરેલ્વી** તરીકે ઓળખાય છે તથા **મસ્લકે આ'લા હઝરત** તરીકે જે ઓળખાય છે. આ દૌરમાં અકીદા બાબતે બરેલ્વીની મોહર જ સાચા સુન્નીની પેહચાન છે.

આજકાલ કેટલાક પીરો ''પીરનો બેટો પીર'' ક્રમમાં પીર બની બેઠા છે અને દીની ઈલ્મથી કોરા રહી જાહિલ સૂફી બની બેઠા છે, જેઓ **''કોઈને બુરો ન કહો !''** સૂત્ર અપનાવીને **શીઆ , વહાબી, દેવબંદી** સૌના વહાલા બને છે, તેમને કાફિર કહેતા નથી અને સુલેહકુલ્લી પીર બની બેઠા છે તેમજ ગૈર કૌમો સમક્ષ વહાલા થવા માટે એકતાના નામ પર ''અલ્લાહ અને ભગવાન તેમજ રામ તથા રહીમ એક છે'' એવું કુફ્રી કલામ બોલે છે **શરીઅતનો કાનૂન** છે કે જેણે એવું કહ્યું **તે કાફિર છે,** તો આવું બોલનાર પીર ક્યાંથી રહેવાનો !

એટલા માટે પીર બનાવતાં પહેલાં ઊંચુ ખાનદાન વગેરે પછી જો જો પ્રથમ અકીદાના બારામાં પીરના શા હાલ છે તેને જુઓ ! પાછળથી પણ ખબર પડે કે પીર લેભાગુ સુલેહકુલ્લી છે તો તેનાથી તરત જ દૂર થઈ જાવ ! નહીં તો એ તો જહન્નમમાં જશે અને તમને પણ લઈ જશે. **શરીઅતના કાનૂનોથી કોઈ અપવાદ નથી** માટે સાવધાન બનો !

**બીજી શરત** : **(આલિમ હોય)** એટલે કે એટલો ઈલ્મ ધરાવતો હોય કે પોતાની જરૂરતના મસાઈલ

કિતાબોમાંથી કાઢી શકે. **અમે તો કેટલાક એવા પીર પણ જોયા કે નમાઝમાં સિજદો કરવાનો સહીહ તરીકો નથી જાણતા ! બીજા ઈલ્મની વાત જ શું થાય !** અને આવા પીરના ખલીફા કેવા હોય ?! અને પછી આવો ક્રમ ચાલતાં ચાલતાં આગળ જતાં આવા પીરો જહાલતના કેવા ઊંડા ખાડામાં પડે ! તે સમજી શકાય છે. અને એવાં દષ્ટાંતો આજે પણ ખૂબ જોવા મળે છે કે જેમના સિલસિલામાં દૂર સુધી ન કોઈ આલિમ જોવા મળે છે ન આલિમથી મહોબ્બત રાખનાર જોવા મળે છે. બલ્કે આલિમોથી મોલ્વીઓથી દૂર રહેવાની સૂચના મુરીદોને તા'કીદે અપાય છે ! (કેમ કે મોલ્વી શરીઅતની રોશની નાખશે તો પીરની પોલો ખુલી જશે !) ટૂંકમાં કે શરીઅતના ઈલ્મવાળો પીર હોવું અનિવાર્ય શરત છે, જાહિલ કદી પીર થઈ શક્તો જ નથી.

**ત્રીજી શરત** : **ફાસિકે મુઅલિન (ઉઘાડે છોગે, સૌનાં દેખતાં ગુનાહો કરનાર) ન હોય :–**

ઉઘાડા છોગે ગુનાહ કરનાર **ફાસિક** છે અને **ફાસિક નમાઝમાં "ઈમામ" નથી બની શક્તો પીર તો શું બની શકે !** હવે ઉઘાડે છોગે ગુનાહ કયા કયા કહેવાશે ? તેને પણ જોઈ લો :–

★ દાઢી મૂંડાવનાર કે એક મુટ્ઠીથી કમ કતરાવનાર ફાસિક છે.

★ બેપર્દા નામહરમ ઔરતોને સામે બેસાડવાનો આદી ફાસિક છે.

★ નામહરમ સ્ત્રીઓ સાથે મુસાફો કરનાર, તેમને હાથ ચૂમાડનાર, શરીર પર હાથ ફેરવનાર, યુવાન નામેહરમ સ્ત્રીઓ પાસે હાથ પગ દબાવનાર ફાસિક છે.

★ નમાઝોને છોડનાર, ટી.વી. પર ફિલ્મો અથવા સીરીયલો, વિવિધ ચેનલોના પ્રોગ્રામો જોવાનો આદી કે જેમાં મોટાભાગે દરેક પ્રોગ્રામમાં નામહરમ સ્ત્રીઓ આવે છે તેને જોનાર ફાસિક છે.

★ **જાહેરમાં ફટાફટ ફોટાઓ પડાવનાર ફાસિક છે.** ફોટા પડાવવાની તો જાણે હવે નવાઈ જ નથી રહી ! આજે તો સ્ટેજો પર કે ઉદ્‌ઘાટનોમાં ધડાધડ અમુક પીરો ફોટા પડાવે છે વળી પેપરોમાં પણ ફોટા છપાય છે તથા લોકીટમાં કે ફ્રેમિંગ કરી તેને ઘરોમાં લટકાવાય છે ! પીરોના ફોટા વેચાય અથવા વહેંચાય છે !

★ જૂઠ બોલનાર તથા અન્ય શરીઅત વિરૂધ્ધ કામો કરનાર ફાસિક છે.

**નોંધ** : કેટલાક સ્ત્રી મુરીદાને **રૂહાની બેટી** કહીને **પર્દો ન કરે તો ચાલે !** એમ સમજાવે છે. તો તેમણે વિચારવું જોઈએ કે **ઉમ્મતની રૂહાની માંઓ** એટલે **રસૂલે પાકની પાક બીવીઓને** તેમજ **બેટીઓને તો નામહરમોથી પર્દાનો હુકમ હતો અને આજકાલના પીરોને ક્યાંથી છૂટ મળી ગઈ ?!** ત્યારથી આજ સુધી પર્દો થતો રહ્યો અને હવે છૂટ ક્યાંથી ઉતરી આવી ?!

**ચેતવણી** : હવે દરેક મુરીદ જો તે શરીઅતનો એટલે **અલ્લાહ તથા રસૂલના હુકમોને માનનારો હોય તો** ઉપરોક્ત બાબતો પરથી **પોતાના પીરની ઈમાનદારીપૂર્વક ચકાસણી કરી લે** કે તેનો પીર તો આમાંનું કોઈ કામ,

શરીઅત વિરૂધ્ધનું કોઈ કાર્ય નથી કરતો ને ! **જો એવું હોય તો કશાય ભરમમાં રહ્યા વિના સાચા પીરની તલાશમાં લાગી જાય અને શરીઅત વિરૂધ્ધ વર્તતા પીરથી દૂર થઈ જાય !** એમાં જ બંને જહાનની ભલાઈ છે.

**ચોથી શરત : એનો સિલસિલો (એના પીર તેમના પીર એ ક્રમ) હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **સુધી જોડાયેલ હોય :-**

એટલે કે પીરના ઉપલા શજરામાં કોઈ પીર આગલી ત્રણેવ શરતોમાંથી એક પણ શરત તોડનાર ન હોય, નહીં તો ક્રમ કપાઈ જશે અને હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી સિલસિલો પહોંચશે નહીં.

**ચેતવણી** : જાહિલો તો જાહિલો છે આજકાલ તો કેટલાક ઈલ્મવાળા કહેવાતા દુનિયાના તલબગાર અમુક મોલ્વીઓ તથા ભરમની દુનિયામાં રાચનારાઓ દેખતી આંખે ફાસિક પીરના મુરીદ જોવા મળે છે, **બલ્કે પીરનાં એ કામો હરામ છે તથા એવું કરનાર ફાસિક છે એવું કબૂલીને હઠધર્મીના જોશભેર ગુમરાહીમાં વહીને તેવા પીરને ત્યજવા તૈયાર નથી ! બલ્કે હક્ક વાત દર્શાવનારના દુશ્મન બની જાય છે !** એવા લોકો કયા મોઢે પોતાને મોલ્વી કહેવડાવે છે ! (અલ્લાહની પનાહ !)

પીરની શરતો વર્ણન કરતાં **બેલગ્રામ શરીફના મશ્હૂર સૂફી તથા મુહક્કિક આલિમ બુઝુર્ગ હઝરત મીર સૈયદ અબ્દુલ વાહિદ બેલગ્રામી** رحمۃ اللہ علیہ પોતાની કિતાબ **''સબએ સનાબિલ શરીફ''**માં લખે છે :-

**પ્રથમ શરત** કે પીરનો મસ્લક બરાબર હોય તેનો ખુલાસો એ છે કે, સાચા મુરીદે સહીહ સિલસિલો તલાશ કરવો જોઈએ કેમ કે મોટા ભાગની જગાએ નીતિ નિયમ વિરૂધ્ધ થઈ ગયેલ છે.

**પીરની બીજી શરત એ છે કે પીર ''આલિમ'' તથા ''આમિલ'' હોય (ઈલ્મવાળો તથા ઈલ્મ પર અમલ કરનાર) હોય**, તમામ ઈબાદતોના ફર્ઝો, વાજિબો, સુન્નતો, નફ્લો તથા મુસ્તહબોનો પાબંદ અને તેની પાબંદીમાં સુસ્ત ન હોય. પીરની **ત્રીજી શરત** એ છે કે પીરના અકીદા દુરુસ્ત હોય, મઝહબે અહલે સુન્નત વ જમાઅતના પ્રમાણે અને પાકો ચુસ્ત સુન્ની હોય.

બીજી શરતની સ્પષ્ટતા કરતાં ખૂદ અલ્લામા સૈયદ મીર અબ્દુલવાહિદ બેલગ્રામી قدس سرہ લખે છે : ''પીર આલિમ તથા આમિલ હોય, તમામ ઈબાદતોના ફર્ઝો, વાજિબો, સુન્નતો, નફ્લો તથા મુસ્તહબોનો અને તેના હુકમોની પાબંદીમાં સુસ્તી તથા આળસ કરનાર ન હોય. દરેક વુઝૂના માટે મિસ્વાક કરે, દાઢીમાં કાંસકી કરે, આ બંનેવ સુન્નતો છે. પાંચેવ નમાઝો અઝાન, ઈકામત તથા જમાઅતની સાથે અદા કરે, અટકી અટકીને નમાઝના અરકાનો અદા કરવાનો ખયાલ રાખે અને એ પ્રકારની અન્ય વાતો ધ્યાનમાં રાખે. અને જો તે આ ઈબાદતોનો આલિમ (જાણકાર) ન હોય તો એના પર અમલ કરી શકશે નહીં જેથી શરઈ હદથી બહાર થઈ જશે, જેથી પીર નથી બની શક્તો. એટલા માટે કે જે વ્યક્તિ હકીકતના મકામથી નીચે આવી જાય છે તે તરીકત પર આવીને રોકાય જાય છે અને જે તરીકતના સ્થાનથી નીચે આવી જાય છે

તે શરીઅત પર આવીને અટકે છે અને **જે શરીઅતથી ચલિત થાય છે તે ગુમરાહ થયો અને ગુમરાહ શખ્સ પીર બનવાને લાયક નથી.**

અને તે દુરવેશ જેની પ્રતિ મખ્લૂક વળી (ખેંચાય) જાય છે, દા.ત. મોટા ભાગની મખ્લૂક તેની બયઅત તથા ઈરાદત (મુરીદ થવા) માટે પહોંચે છે તેના ઉપર તો શરીઅતના જુઝઈય્યાત (શાખાઓ)માં પણ સાવધાની ફર્ઝ તથા અનિવાર્ય છે. તેણે જોઈએ કે શરીઅતની બારીકીઓમાંથી એક જરાક પણ છૂટવા ન દે કે એ ચીજ તેના મુરીદોની ગુમરાહીનો સબબ બનશે. જાહેર છે કે તેઓ (મુરીદો) એવા કૃત્યથી દલીલ પકડે છે અને કહે છે કે, ''અમારા પીરે આવું કર્યું છે !'' (એટલે અમે પણ કરીશું ! એવું નહીં જુએ કે શરીઅતની વિરૂધ્ધ છે !) જેથી તે (પીર) ગુમરાહ તથા ગુમરાહ કરનાર થઈ જાય છે.

*–(સબએ સનાબિલ શરીફ)*

હુઝૂર ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** قدس سرہ પીરની શરતો ગણાવતાં ઈર્શાદ ફર્માવે છે :–

''શયખે ઈત્તેસાલ એટલે કે જેના હાથ પર બયઅત કરવાથી (મુરીદ થવાથી) માણસનો સિલસિલો હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી જોડાઈ જાય એના માટે ચાર શરતો છે :

**પ્રથમ શર્ત : સિલસિલો કપાયેલ ન હોય :** શયખ (પીર)નો સિલસિલો (એમના પીર તેમના પીર) સતત સહી જોડાણ સાથે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચ્યો હોય, વચમાંથી તૂટયો ન હોય, કેમ કે તૂટેલ ઝરીયા વડે પહોંચ અશક્ય છે. અમુક લોકો બયઅત વિના કેવળ વારસાના ગર્વભેર પોતાના બાપદાદાના સજ્જાદા બની બેસે છે. એટલે બાપ તો સારા પીર હતા પણ આ જનાબ બાપથી મુરીદ થયા વિના તેમના મૃત્યુ બાદ મુરીદ કરવા લાગે છે, જ્યારે કે આ સિલસિલો તો બાપ પર ખત્મ થઈ ગયો. હવે જ્યારે પોતે બાપથી એ સિલસિલામાં મુરીદ જ નથી તો કેવી રીતે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચે ?! અથવા મુરીદ તો થયો હતો પણ બાપે ખિલાફત તથા ઈજાઝત આપી જ ન હતી, તો ઈજાઝત તથા ખિલાફત વિના મુરીદ કરવા કેવી રીતે દુરુસ્ત છે ! મુરીદ કરવાના માટે કેવળ મુરીદ થઈ જવું પૂરતુ નથી, બલ્કે ખિલાફત તથા ઈજાઝત પણ જરૂરી છે, તો કઈ રીતે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચે ?! અથવા સિલસિલો જ કટ કરી દેવામાં આવ્યો, તેમાં ફયૂઝ ન રાખવામાં આવ્યો છતાં લોકો નફ્સપરસ્તીમાં એમાં મુરીદ કરતા તથા ખિલાફત આપતા ચાલ્યા આવે છે. એટલે કે સિલસિલામાં એક એવા શયખ થયા જેમણે પોતાનો સિલસિલો પોતાની જાત પર જ કોઈને ખિલાફત ન આપીને પૂરો કરી આપ્યો. હવે એમના પછી કેટલાક દુન્યાપરસ્ત લોકોએ પોતાની દુકાન ચમકાવવાના ખાતર કેવળ પોતાની ઈચ્છાથી એ સિલસિલો જે બેફૈઝ છે તેને ચલાવી રાખ્યો છે ! જ્યારે કે એવા બેફૈઝ સિલસિલામાં બયઅત દુરુસ્ત નથી.

સિલસિલો પોતે સહીહ હતો પણ વચમાં કોઈ એવો શખ્સ આવી ગયો જે (પીરની) અમુક શરતો ત્યજવાને કારણે બયઅતને લાયક ન હતો. એના પછી એનાથી જે શાખ (શજરો) ચાલ્યો તે વચ્ચેથી કપાયેલ છે ! આ સંજોગોમાં એ

બયઅતથી હરગિઝ ઉપર સુધી પહોંચ થશે નહીં. બળદથી દૂધ અને વાંઝળીથી બાળક માગવાની મતી જ નિરાળી છે ! (એટલે કે સિલસિલો તો બરાબર હતો પણ એ સિલસિલામાં મુરીદ કરનાર એક એવો પીર થયો જે બયઅતની અમુક શરતો ધરાવનાર ન હતો. દા.ત. આલિમ તથા આમિલ ન હતો, કે જે પીર માટે જરૂરી શરતોમાંથી છે. હવે કેમ કે પીરી માટેની શરત ન પામવાને કારણે તે હકીકતમાં પીર ન રહ્યો, તો તે પોતે પણ મુરીદ નથી કરી શક્તો અને અન્યોને પણ ખિલાફત તથા ઈજાઝત નથી આપી શક્તો. હવે તે સિલસિલો જે મુકમ્મલ સહીહ હતો તે આ પીર પર ખત્મ થઈ ગયો. તો હવે આ તૂટેલો સિલસિલો કેવી રીતે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચશે ?! આવા તૂટેલા સિલસિલાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચવાની ઉમ્મીદ રાખવી એવી જ છે જેવી રીતે બળદ પાસેથી દૂધ અને વાંઝળી પાસેથી બાળકની આશા રાખવી કે જે એક અશક્ય બાબત છે.)

**બીજી શરત** : **શયખ સુન્ની સહીહુલ્ અકીદા હોય** : બદ્મઝહબ, ગુમરાહનો સિલસિલો શૈતાન સુધી પહોંચશે ન કે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી. આજકાલ ઘણા બદ્મઝહબો બલ્કે બેદીનો એટલે સુધી કે વહાબીઓએ કે જેઓ મુદલે ઔલિયાના મુન્કિર તથા દુશ્મન છે પણ તેમણે બદ્કારીના માટે પીરી મુરીદીની જાળ બીછાવી રાખી છે. હોશિયાર ! ખબરદાર ! સાવધાન ! સાવધાન !

**ત્રીજી શરત** : **આલિમ હોય** : (એટલો કે પોતાને જરૂરી મસાઈલ કોઈની મદદ વિના કિતાબોમાંથી શોધી શકે.) હુઝૂર મુજદિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે



છે કે, ''હું કહું છું કે ફિકહનો ઈલ્મ (દીની ઈલ્મ) તેની પોતાની જરૂરત મુજબનો પૂરતો તથા જરૂરી છે કે અહલે સુન્નતના અકીદાઓથી પૂર્ણપણે વાકેફ હોય, કુફ્ર તથા ઈસ્લામ, ગુમરાહી તથા હિદાયતના તફાવતનો ખૂબ જ માહિર હોય, નહીં તો આજે નહીં તો કાલે બદ્મઝહબ થઈ જશે. એટલા માટે કે જે બુરાઈને જ નહીં જાણે તો એક દિવસ જરૂર તેનો શિકાર થઈ જશે. સેંકડો વાતો તથા વર્તનો છે જેનાથી કુફ્ર લા'ઝિમ આવે છે અને જાહિલ જેહાલતના લીધે એમાં સપડાઈ જશે. પ્રથમ તેને ખબર જ થશે નહીં કે તેનાથી આ વાણી અથવા આ વર્તનથી કુફ્ર થઈ ગયું ! અને જાણ થયા વિના તૌબા શક્ય નથી જેથી તેમાં પડયો રહેશે. અને જો કોઈ ખબર આપે તો એક સદ્બુદ્ધિવાળો જાહિલ તો ડરી જાય અને તૌબા પણ કરી લે પણ તે જે શૈખપણાની સજ્જાદાનશીનીની ગાદીનો વારસ હોય, ગાદી પર હાદી તથા મુર્શિદ બનીને બેઠો હોય તેની મહાનતા ખૂદના દિલમાં જે ભરાયેલી હોય તે એને કેમ કરીને એ વાત કબૂલ કરવા દે કે તે તૌબા કરે ?! અને જો એવા જ હક્ક પરસ્ત થયા અને માન્યુ તો કેટલું કે પોતે તૌબા કરી લેશે. પણ વાણી તથા વર્તન થકી (કુફ્ર થવાથી) જે બયઅત તૂટી ગઈ તો હવે કોના હાથ પર બયઅત કરે ?! અને શજરો તે નવાના નામથી આપે, ભલે પ્રથમ શયખનો તે ખલીફા હોય. આવું તેમનો નફ્સ કેવી રીતે માન્ય કરે ! ન એના પર રાજી થશે કે આજથી સિલસિલો બંધ કરી દઈએ, મુરીદ કરવાનું છોડી દઈએ. અને એ જ સિલસિલો કે જે તૂટી ચૂક્યો તેને ચાલુ રાખશે. જેથી અકીદાઓનો આલિમ હોવું અનિવાર્ય છે.

એનાં દૃષ્ટાંત આ દૌરમાં તો ઘણા છે, એક દૃષ્ટાંત જોઈ લો :–

*[હાલમાં જ એક શહેરમાં મશ્હૂર ખાનકાહ તરફથી સજ્જાદાની સદારતમાં સમુહ લગ્નના એક પ્રોગ્રામમાં એક હિંદુ ધર્મગુરૂને બોલાવી તેનું સન્માન કરવામાં આવ્યું અને તેમણે શાદી કરનારાં જોડાંઓને આશિવાર્દ આપ્યા. અને મજમામાંથી કોઈકે તેમના ભગવાનની જયનો ના'રો માર્યો ! જે સમાચારો ફોટા સાથે વર્તમાન પત્રોમાં છપાયા. અને તેનો રિપોર્ટ એક માસિકમાં આપવામાં આવ્યો તેમાં તે આંગતુકના નામ આગળ પ.પૂ. (એટલે કે પરમ પૂજ્ય) લખીને એક કાફિરના આર્શિવાદ મેળવવા બદલ ગર્વ લેવામાં આવ્યો. ''પૂજ્ય'' એટલે પૂજાને લાયક, ઈબાદતને લાયક, જ્યારે કે અલ્લાહ સિવાય કોઈ પૂજાને લાયક નથી એ ઈમાનનો ઈસ્લામનો પાયો છે.*

*તો આવું કરનારાઓ માટે બરેલી શરીફથી શરીઅતનો હુકમ પૂછાવ્યો તો હાજરજનો તથા રિપોર્ટર તથા તે મંથલીના પ્રકાશક માટે હુકમ આપ્યો કે, ''તૌબા કરે, કલ્મો પઢે અને નિકાહ દોહરાવે.'' એ હુકમ તેમના પર રવાના કર્યો પણ હજી તૌબાનામુ તેમના તરફથી બહાર પડયું નથી ! વળી આ જ કહેવાતી હસ્તીએ એક સાધ્વીના હાથમાં હાથ આપી કૌમી એકતાની ચેઈન બનાવી પોતાના ફાસિક હોવાનું એલાન કર્યું હતું છતાં અંધશ્રધ્ધામાં રાચતી કૌમ આવા પીરોની પાછળ પડેલી છે !*

*આ છે કહેવાતા જાહિલ પીરોની હાલત ! કે ઈમાન શું છે તે જ નથી સમજતા ! ગૈર કોમો સાથે શરીઅતના વર્તુળમાં રહી સુમેળપૂર્વક રહેવાની કોણ ના પાડે છે ? પણ એક્તાના નશામાં ઈસ્લામના વર્તુળમાંથી નીકળી જઈ તેમનામાં ભળી જવાની ઈસ્લામ ક્યાંથી છૂટ આપશે ? ક્યાં બુદ્ધિ જતી રહી છે આવા સુલેહકુલ્લી પીરો તથા મુરીદોની ? એક સમય હતો જ્યારે કાફિર ખાનકાહ પર આવતો તો ઈમાનવાળો બનીને જતો હતો ! આજે આવનારો ગૈર સૌનાં ઈમાન લઈને જતો રહે છે ! શું જરૂરત છે આવાં નાટકોની ?! હે મુસલમાન ! સાંભળ !*

તેરે દામનમેં હૈ કિસ લાલો જવાહિર કી કમી !
તૂ કિસી ગૈર કે દામન કી તરફ ક્યૂં દેખે ?!

*અસલ રાઝ કામયાબીનું આ છે કે :–*

*કુદરતેં ફિર સાથ હોં, ફિર ફિતરતેં આઝાદ હોં*
*બાત બસ ઈત્ની સી હૈ મો'મિન તો બન જાએ કોઈ ?!*

*માટે હે સુન્નીઓ ! સાવધાન થઈ જાવ ! આવા પીરની પાછળ રહેશો તો ઈમાનથી પણ હાથ ધોઈ બેસશો અને ઈમાન ગયું તો હમેશાંની જહન્નમ તમારા સ્વાગત માટે તૈયાર છે તે ન ભૂલશો ! મીઠી વાણી તથા મીઠી વાતો એક બાજુ રાખો ! પ્રથમ શરીઅતનો દામન ચુસ્તતાથી પકડો !]* –પ્રકાશક

ઉપરોક્ત લખાણોનો ખુલાસો એ કે પીર થવાની જે એક શરત આલિમ હોવું છે એનો મતલબ એ છે કે જરૂરી મસાઈલનો જાણકાર હોય અને અહલે સુન્નતના અકીદાથી સંપૂર્ણપણે વાકેફ હોય, એટલા માટે કે તે જો અહલે સુન્નતના અકીદાથી વાકેફ નહીં હોય તો કુફ્ર તથા ઈસ્લામ અને ગુમરાહી તથા હિદાયતમાં તફાવત કરી શકશે નહીં અને જેહાલતના

કારણે ક્યારેક જીભ પર એવા શબ્દો લઈ આવશે અને કોઈ એવી હરકત કરી બેસશે જેનાથી કુફ્ર લાગુ થતુ હોય. વળી તેને ઈલ્મ જ નથી કે આવું બોલવું અથવા કરવું કુફ્ર છે જેથી તૌબા પણ કઈ રીતે કરશે ?! અને જ્યારે તૌબા નહીં કરે તો ઈસ્લામમાં કઈ રીતે દાખલ થશે ?! અને જો કોઈ તેને બતાવે કે આ કુફ્ર છે તો એક સીધો સાદો મુસલમાન તો ડરી જાય અને તૌબા પણ કરી લે પણ તે માણસ જેની પાસે અકીદતમંદ મુરીદોની ભીડ હોય તેનાથી કઈ રીતે એ શક્ય છે કે હક્કને સ્વીકારીને તૌબા કરી લે ! અને જો તે માણસ હક્ક પરસ્ત સાબિત થાય અને હક્ક વાત કબૂલ પણ કરી લે તો કેટલું ? એટલું કે ખૂદ તૌબા કરી લીધી, પણ કુફ્રના કારણે જ બયઅત તૂટી હવે તેની તજદીદ (નવેસર બયઅત) કરે, એટલે કે કોઈ અન્ય પીરથી નવી બયઅત કરે અને શજરો પણ એ નવા પીરના નામથી ચાલુ કરે ભલે તે આગલા પીરનો ખલીફા જ હોય. આ વાત મુરીદો તથા અકીદતમંદોની ભીડ રાખનાર શખ્સ કઈ રીતે સ્વીકારે ! અને આ પીર સાહબ એ વાત પર પણ રાજી થશે નહીં કે હવે મુરીદ કરવાનું જ છોડી આપે ! યકીનન ! એ જ તૂટેલો સિલસિલો ચાલુ રાખશે.

એટલા માટે જરૂરી છે કે એવા પીરના હાથમાં હાથ આપે કે જે જરૂરી મસાઈલ તથા તમામ અકાઈદે અહલે સુન્નતથી વાકેફ હોય.

**ચોથી શરત** : **ફાસિકે મુઅલિન (એટલે જાહેરમાં ઉઘાડા છોગે ગુનાહ કરનાર) ન હોય.** એની સ્પષ્ટતા કરતાં હુઝૂર ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે : આ શરત ઉપર હુઝૂર સુધી પહોંચનો આધાર નથી કેમ કે એકલુ ફિસ્ક ક્રમ કટ થવાનો સબબ નથી.

પણ પીરની તા'ઝીમ લાઝમી છે અને ફાસિકની તૌહીન વાજિબ છે અને બંનેનું સંગમ બાતિલ (અસંભવ) છે. એનો અર્થ એ છે કે જો પીર ફાસિક હોય (જાહેરમાં ગુનાહ કરનાર) તો પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી સિલસિલો પહોંચી જવો શક્ય છે એટલા માટે કે કેવળ ફિસ્કથી સિલસિલો ખત્મ નથી થતો, પણ કેમ કે શરીઅતમાં પીરની ઈજ્જત તથા તા'ઝીમ જરૂરી છે અને ફાસિકની તૌહીન થવી તથા તા'ઝીમ ન થવી જરૂરી છે અને તા'ઝીમ તથા તૌહીન બંને વિરોધાભાસી ચીજો છે જેમનું સંગમ થવું અસંભવ છે એટલા માટે ફાસિકને પીર બનાવવો જાઈઝ નથી.

**હઝરત બાબા ફરીદુદ્દીનગંજ શકર ચિશ્તી** قدس سرہ પીરના માટે આલિમ હોવું લાઝિમ ઠરાવે છે અને ફર્માવે છે કે, ''જાહિલ પીર શૈતાનનો મસ્ખરો (ઠઠ્ઠાબાઝ) છે.'' *(રૂહે તસવ્વુફ)*

**હઝરત મુજદ્દિદ અલ્ફેસાની** علیہ الرحمۃ والرضوان ફર્માવે છે, ''જેણે જઝ્બ તથા સુલૂકની સાથે પોતાનું કામ પૂર્ણ નથી કર્યું અને પીરની ગાદી પર બેસી ગયો તેની સોહબત તાલિબના માટે કાતિલ ઝહેર છે અને તેના પ્રતિ રુજૂઅ કરવું ખતરનાક બીમારી છે. આવા પીરની સોહબત તાલિબની ઉચ્ચ લાયકાતને પસ્તીમાં લઈ જાય છે અને ઉચ્ચતા પરથી નીચે પાડી દે છે.''

*–(મકતૂબ નં. ૬૨)*

**પ્રિય વાંચકો !** ઉપરોક્ત લખાણ પરથી સાચા તથા જૂઠા પીરને પારખવાનું એક માપદંડ મળી ગયું. જે આ માપદંડ પર સહીહ ઉતરે તેને જ તમારો પીરો મુર્શિદ તથા રહનુમા

બનાવવો જોઈએ અને એવા કામિલ પીરની ખૂબ ઈજ્જત તથા તા'ઝીમ કરવી જોઈએ જેથી સહીહ તૌર પર પીરનો ફયૂઝ હાંસલ થઈ શકે. અને તસવ્વુફની કિતાબોમાં જે પીરની અઝમત તથા ખિદમતનું વર્ણન છે તેનો અર્થ એ જ પીર જે ઉપરોક્ત શરતોવાળો હોય. જો આવો સર્વ શરતોવાળો પીર મળી જાય તો જિંદગી તેની ખિદમતમાં ગુજારી દેવી જોઈએ, નહીં તો (જે ઉપરોક્ત સર્વ શરતોવાળો નથી છતાં પીર બન્યો છે તો) મક્કાર, ધોકાબાઝ તથા દજ્જાલ સિફત પીરોથી તો દૂર રહેવામાં જ દુનિયા તથા આખેરતની ભલાઈ છે. અલ્લાહ તઆલા સાચી સમજ અતા કરે. *(આમીન)*

બીજી જરૂરી વાત એ હતી કે શું કોઈ ખુદાના ખાસ બંદાના મુરીદ થવું જરૂરી છે ? જો જરૂરી નથી તો સૂફીઓના આ કથનનો શો જવાબ છે કે, ''જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન છે.''

તો આ વાતની સંપૂર્ણ સ્પષ્ટતા માટે હું તમારી સમક્ષ ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી قدس سرہ ની કિતાબ ''નિકાઉસ્સલાફા''માંથી લખાણ રજુ કરું છું.

હઝરત ઈમામ અહમદ રઝા લખે છે કે, ''શયખ એટલે મુર્શિદ તથા રાહનુમા તથા રાહે ખુદાનો હાદી (હિદાયત કરનાર) બે પ્રકારનો છે : આમ (સામાન્ય) તથા ખાસ.

**આમ હાદી (હિદાયત કરનાર)**: કલામુલ્લાહ (કુર્આન) તથા રસૂલનું કલામ (હદીષ) તથા શરીઅત તથા તરીકતના ઈમામોનું કલામ (વાણી) તથા જાહેર તેમજ બાતિનના ઈલ્મોના જાણકાર ઉલમા. એ સહીહ સિલસિલા (ક્રમ) પર કે અવામ (પબ્લિક)નો હિદાયત કરનાર (હાદી) આલિમોનાં કથનો, આલિમોના રહનુમા ઈમામોનાં કથનો, ઈમામોનો મુર્શિદ (રાહબર) રસૂલની વાણી, રસૂલનો રહબર કલામુલ્લાહ.

**ખાસ હાદી (હિદાયત કરનાર)** : ખાસ એ કે ઝૈદ કોઈ ખાસ બંદાએ ખુદા, હિદાયત પામેલ હાદી, પેશ્વાઈ તથા હિદાયત કરવાને કાબેલ, પીર થવાની સર્વ શરતોને આધિન એવા પીરના હાથ પર મુરીદ બને (બયઅત કરે) અને પોતાની વાણી તથા વર્તન અને પ્રવૃત્તિઓ તથા અન્ય અવસ્થાઓમાં તેની શરીઅત તથા તરીકત મુજબની હિદાયતનો પાબંદ હોય.

શયખ તથા મુર્શિદ (પીર) પ્રથમ અર્થમાં (આમ હાદી) દરેક શખ્સને માટે હોવો અનિવાર્ય છે અને એવો પીર વિહોણો તદ્દન ઈસ્લામની રાહથી દૂર છે. અને આગળ ફર્માવે છે કે **સુન્ની સહીહુલ્ અકીદા કે જે ઈમામોને માને છે, ઈમામોની તકલીદને જરૂરી જાણે છે, ઔલિયાએ કિરામનો સાચો અકીદતમંદ છે અને તમામ અકીદાઓમાં હક્ક રાહ પર અડગ છે તે હરગિઝ બેપીર (પીર વિનાનો) નથી.** તે ચારેવ પાક મુર્શિદો એટલે ખુદાના કલામ (કુર્આન), કલામે રસૂલ (હદીષ), ઈમામો તથા જાહેર તથા બાતિનના આલિમો તેના પીર છે. બલ્કે જો આ પ્રમાણે છે તો અન્ય લાખો અહલે સુન્નત મુસલમાનોની જેમ તેનો હાથ શરીઅતે પાકના હાથમાં છે ભલે જાહેરી રીતે કોઈ ખાસ ખુદાના બંદાના હાથ પર બયઅત (મુરીદ) ન થયો હોય.

પ્રિય વાંચકો ! ઉપરોક્ત લખાણથી એ વાત ચમકતા સૂર્ય માફક રોશન થઈ ગઈ કે સૂફીઓનું કથન કે, ''જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન'' એનો મતલબ ક્યો પીર છે ? **જે માણસ ખુદાના કલામ તથા રસૂલના કલામ તેમજ ઈમામો તથા ઉલમાને માનતો હોય તો તે (તેના પીરના સ્થાને છે) તે ઈન્સાન બેપીર નથી, ભલે જાહેરી રીતે કોઈ ખાસ બંદાએ ખુદાનો મુરીદ ન હોય.**

હા ! સર્વ શરતોના પાબંદ પીરના મુરીદ થવું અને તેનાથી ફય્ઝ હાંસલ કરવો યકીનન એક સારું કામ છે.

## કેટલીક જરૂરી વાતોની સ્પષ્ટતા

પ્રિય વાંચકો ! પીર સંબંધે વિશેષ કેટલીક જરૂરી વાતો આપની સેવામાં રજૂ કરીએ છીએ એને ધ્યાનથી વાંચશો.

એક પ્રશ્ન એ પણ કરવામાં આવે છે કે, ''પીર વિના ફલાહ (ભલાઈ) તથા કામયાબી નથી મળતી'' તો શું આ વાત દુરૂસ્ત છે ?

એનો જવાબ શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ની કિતાબ ફતાવા અફ્રિકા, પેજ ૧૮૩ થી ૧૯૦ થકી સંપૂર્ણ ખુલાસાપૂર્વક હાજર છે. આપ લખે છે :—

''ફલાહ'' બે પ્રકારની છે, પ્રથમ પ્રકાર : ''છેવટે છૂટકારો થશે, ભલે મઆઝલ્લાહ ! અઝાબ ભોગવ્યા પછી થાય.'' આ અકીદો દરેક મુસલમાન માટે લાઝિમ છે, અને કોઈ બયઅત તથા મુરીદી પર આધારિત નથી. એના માટે કેવળ નબી કરીમ



صلی اللہ تعالیٰ علیہ وسلم ને મુર્શિદ જાણવા બસ છે. બલ્કે ઈસ્લામના પ્રારંભમાં કોઈ દૂર દૂર પહાડ અથવા ગુમનામ ટાપુનો રહેવાસી ગાફેલ કે જેને નબુવ્વતની ખબર ન પહોંચી અને દુનિયામાંથી કેવળ તૌહીદ પર (મુવહ્હિદ) મૃત્યુ પામ્યો તેના માટે પણ છેવટે આ ફલાહ તથા કામયાબી સાબિત છે.

**બીજો પ્રકાર** : સંપૂર્ણ છૂટકારો અને અઝાબ પામ્યા વિના જન્નત મળે. તેની બે સ્થિતિઓ છે. એક સ્થિતિ : ''વુકૂઅ'' એ મઝહબે અહલે સુન્નતમાં કેવળ અલ્લાહની મરજી પર છે કે જેને ચાહે આવી ફલાહ અતા કરે, ભલે તે લાખો કબીરાઓમાં સપડાયેલ હોય. અને ચાહે તો એક સગીરા ગુનાહ પર પકડ કરે, ભલે લાખો નેકીઓ તે ધરાવતો હોય. જો કે એવું કરશે નહીં, કેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :—

ویجزی الذین احسنوا با الحسنی۔ الذین یجتنبون
کبرأ الاثم والفواحش الا اللمم ان ربك واسع المغفرة۔

આ ''અદ્લ'' છે અને તે ''ફઝ્લ'' છે.

يغفر لمن يشاء ويعذب من يشاء

**બીજી સ્થિતિ** : ''યકીની ઉમ્મીદ'' એટલે કે ઈન્સાનના અમલો તથા કાર્યો, વાણી તથા વર્તન એવાં હોવાં જોઈએ કે જો એના પર ખાત્મો થયો તો અલ્લાહના કરમથી મજબૂત આશા બંધાય કે અઝાબ વિના જન્નતમાં દાખલ કરવામાં આવે. આ જ તે ફલાહ છે જેની તલાશનો હુકમ છે.

એમાં પણ બે પ્રકાર છે :—

(૧) **ફલાહે ઝાહિર (જાહેરી)** : એનાથી હરગિઝ એ મુરાદ નથી કે નર્યા જાહેર સજાવનારાઓ હેતુ હોય જેમની

નજર કે જાહેરી અંગોના અમલો પૂરતી હોય જે શરીઅતના હુકમોથી સજેલાં અને ગુનાહથી દૂર દેખાતા હોય, એ રીતે મુત્તકી બની ગયા ! ભલે તેમનું બાતિન (ભીતર) રિયાકારીથી ભરેલ હોય. ઘમંડ, ઈર્ષા, કીનો, તકબ્બુર, પ્રશંસાના ચાહક તથા માન મર્તબાના ચાહક, દુનિયાની મહોબ્બત, ખ્યાતિના ભૂખ્યા, અમીરોની તા'ઝીમ કરવાવાળા, ગરીબોને તિરસ્કૃત કરનારા, વાસના પાછળ ચાલનારા, ખુશામતખોર, નાશુક્રા, લાલચી, કંજૂસ, લાંબી ઉમ્મીદો ધરાવનારા, બદ્‌ગુમાની, હક્કની દુશ્મની ધરાવનારા, બાતિલના આગ્રહી, ધોકો, પ્રપંચ, ખયાનત, ગફલત, ચાપલૂશી, લાલચ, મખ્લૂક પર આધાર, ખાલિકને ભૂલવું, મૌતને ભૂલવું, ઘમંડમાં રહી નાફર્માની કરવી, નિફાક, શૈતાનની પયરવી, નફ્સની બંદગી, બેહૂદાપણા તરફ વળવું, અમલની કરાહત, ખૌફની ઉણપ, ખુશૂઅનો અભાવ, નફ્સને કારણે ગુસ્સે થવું, ઈબાદતમાં આળસ વગેરે વિનાશક આફતોથી ગંદો થઈ રહ્યો હોય, બલ્કે ફલાહે ઝાહિર એ દિલ તથા શરીર બંને પર જેટલા ખુદાના હુકમો છે સૌ બજાવી લાવે, ન કોઈ કબીરામાં પડે ન કોઈ સગીરાની આદત બનાવે, નફ્સની બુરી આદતો ખત્મ ન થાય તો કમસે કમ તેનાથી દૂર રહે, તેના પર જામી ન જાય. દા.ત. દિલમાં કંજૂસાઈ છે તો નફ્સ પર દબાણ કરીને હાથ મોકળો રાખે. હસદ છે તો જેના પ્રત્યે હોય તેની બુરાઈ ન થવી જોઈએ કે જેહાદે અકબર (મહાન જેહાદ) છે અને એના પછી પૂછતાછ નથી બલ્કે મહાન બદલો (અજરે અઝીમ) છે. આ ફલાહે તકવા છે તેનાથી માણસ સાચો મુત્તકી (રબથી ડરનાર) બની જાય છે. અમે ફલાહે ઝાહિર એ અર્થમાં કહ્યું કે એમાં જે કાંઈ કરવા તથા ન કરવાનું

છે તેના હુકમો જાહેર તથા સ્પષ્ટ થઈ ચૂક્યા છે.

(૨) **ફલાહે બાતિન** : કે દિલ તથા બદનને બુરાઈઓથી ખાલી અને ફઝાઈલથી ભરપુર કરીને બાકી રહેલાં શિર્કે ખફી દિલથી દૂર રાખવામાં આવે, એટલે સુધી કે **لامقصودالا الله** પછી **لاموجودالا الله** પછી **لامشهودالا الله** રોશન થાય. એટલે, પ્રથમ ગૈરના ઈરાદાથી ખાલી હોય, પછી ગૈર નજરથી ખાલી, પછી ''હક્કે હકીકત'' જલ્વો ફર્માવે કે વજૂદ એના માટે છે, બાકી ''ઝિલાલ'' તથા ''પરતવ'' (પ્રતિબિંબ) એ ફલાહની છેવટ તથા ફલાહે એહસાન છે. ફલાહે તકવામાં તો અઝાબથી દૂરી અને જન્નતનું ચૈન હતું અને ફલાહે એહસાન એનાથી આ'ઝમ છે કે અઝાબની શું વાત કોઈ પ્રકારની દેહશત તથા ચિંતા પણ તેની પાસે નથી આવતી.

الا ان اولياء الله لا خوف عليهم ولاهم يحزنون-

સારાંશ કે એ ફલાહના માટે જેમાં અઝાબ વિના નજાતની ઉમ્મીદ પહેલેથી જ પેદા થાય એ માટે જરૂર પીરો મુર્શિદની હાજત છે, ચાહે ફલાહે ઝાહિર તથા ફલાહે તકવા હોય અથવા ફલાહે બાતિન તથા ફલાહે એહસાન હોય. હવે મુર્શિદ પણ બે પ્રકારના છે :–

(૧) **આમ (સર્વ સામાન્ય) મુર્શિદ** કે કલામુલ્લાહ (કુર્આન), કલામુર્રસૂલ (હદીષ), શરીઅત તથા તરીકતના ઈમામોનાં કથનો તથા કલામે ઉલમાએ દીન અહલે રુશ્દો હિદાયત. એ જ સહીહ સિલસિલા પર કે અવામ (પબ્લિક)નો હાદી (માર્ગદર્શક) ઉલમાનું કલામ (કથનો), ઉલમાનો રહનુમા ઈમામોનું કલામ, ઈમામોનો મુર્શિદ રસૂલનું કલામ અને

રસૂલનું પેશ્વા કલામુલ્લાહ (જલ્લ વ અલા વ صلی اللہ تعالیٰ علیہ وسلم). ફલાહે ઝાહિર હોય કે ફલાહે બાતિન તેને આ મુર્શિદ વિના છૂટકારો નથી. જે એનાથી અલગ થાય તે નિઃશંક ! કાફિર અથવા ગુમરાહ થશે. અને તેની ઈબાદત બર્બાદ તથા તબાહ છે.

(૨) **ખાસ મુર્શિદ** : કે બંદો કોઈ આલિમ સુન્ની સહીહુલ અકીદા સહીહુલ આમાલ જામિઉશ્શરાઈત (બયઅત માટેની સર્વ શરતો ધરાવતા)ના હાથમાં હાથ આપી દે. એ ખાસ મુર્શિદ જેને પીર તથા શયખ કહે છે. એમાં પણ બે પ્રકારો છે :

(૧) **શયખે ઈત્તેસાલ** : એના માટે ચાર શરતો છે જેમ કે અગાઉ વર્ણન થઈ ચૂકી.

(૨) **શયખે ઈસાલ** : જણાવેલ ચાર શરતો સિવાય નીચે દર્શાવેલ ચીજો એનામાં હોય :–

મફાસિદે નફ્સ (નફ્સની બુરાઈઓ) મકાઈદે શૈતાન (શૈતાનના ધોકાઓ) તથા મસાઈદે હવા (મનેચ્છાઓ)થી માહિતગાર હોય. અન્યની તર્બિયત જાણતો હોય અને પોતાના મુતવસ્સિલ પર સંપૂર્ણ પ્રેમભાવ ધરાવતો હોય કે તેના અયબોથી તેને માહિતગાર કરે, તેનો ઈલાજ બતાવે, જે મુશ્કેલીઓ એ માર્ગમાં આડે આવે તેને હલ ફર્માવે, ન કેવળ "સાલિક" હોય ન નર્યો "મજઝૂબ" હોય.

અવારિફુલ મઆરિફ શરીફમાં હઝરત શૈખ શહાબુદ્દીન قدس سرہ એ ફર્માવ્યું, આ બંને પીર થવાને લાયક નથી કે પહેલો ખૂદ હજી રાહમાં છે અને બીજો તર્બિયતના તરીકાથી ગાફિલ છે, બલ્કે મજઝૂબ સાલિક હોય કે સાલિક મજઝૂબ હોય, અને પહેલો અફઝલ છે, એટલા માટે કે તે મુરાદ છે અને આ મુરીદ.

વળી બયઅત પણ બે પ્રકારની છે :–

(૧) **બયઅતે બરકત** કે કેવળ **તબર્રુકના માટે સિલસિલામાં દાખલ થઈ જવું. આજકાલ સામાન્યતઃ આ જ બયઅતો છે,** તે પણ નેક નિય્યતોની હોય, નહીં તો ઘણાઓની બયઅત દુનિયવી ગલત મકસદોના માટે હોય છે, તે ચર્ચાથી અલગ વાત છે. આ બયઅત (બયઅતે તબર્રુક)ના માટે "શયખે ઈત્તસાલ" કે જે ચારવે શરતો ધરાવતો હોય એટલુ પૂરતું છે. **આ બયઅત પણ દુનિયા તથા આખેરતમાં ખૂબ જ ફાયદામંદ છે.**

(૨) **બયઅતે ઈરાદત** : એટલે કે પોતાના ઈરાદા તથા અધિકારથી એકદમ બહાર થઈને પોતે પોતાને શેખ, મુર્શિદ, હાદીએ બરહક્ક, વાસિલે બ હક્કના હાથોમાં તદન સુપ્રત કરી આપે. તેને સંપૂર્ણ રીતે પોતાનો હાકિમ તથા માલિક તથા મુતસર્રિફ જાણે, તેના ચલાવવા પર રાહે સુલૂક ચાલે, કોઈ કદમ તેની મરજી વિના ન ઉપાડે, એના માટે તેનાં અમુક હુકમો અથવા પોતાની જાતમાં ખૂદ તેનાં અમુક કામ જો તેની દષ્ટિએ સહીહ ન જણાય તેને ખિઝર علیہ السلام નાં કાર્યોની જેમ સમજે, પોતાની બુધ્ધિનો કુસૂર સમજે, તેની કોઈ વાત પર દિલમાં પણ વાંધો ન લાવે, તેની દરેક મુશ્કેલી તેના સમક્ષ રજુ કરે, સારાંશ કે તેના હાથમાં એ રીતે રહે કે મુડદુ ઝિંદાના હાથમાં રહે. આ સુલૂકવાળાઓની બયઅત (બયઅતે સાલિકીન) છે અને મશાઈખ તથા મુર્શિદોનો એ જ હેતુ છે એ જ અલ્લાહ તઆલા સુધી પહોંચાડે છે, એ જ (બયઅત) હુઝૂર

અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم એ સહાબાએ કિરામ صلی اللہ تعالٰی علیہ وسلم થી લીધી છે. જેમ કે સૈયેદેના ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہ ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم થી એના માટે બયઅત કરી કે દરેક આસાની તથા તકલીફ દરેક ખુશી તથા નાખુશીમાં હુકમ સાંભળીશું અને આજ્ઞાપાલન કરીશું અને હુકમ કરનારના હુકમમાં ચૂંચા કરીશું નહીં.

ઉપરોક્ત ચર્ચા પછી હવે જવાબ સાંભળો, મુત્લક, ફલાહના માટે ''મુર્શિદે આમ''ની કોઈ પણ હિસાબે જરૂરત છે, ''ફલાહે તક્વા'' હોય કે ''ફલાહે એહસાન'' પણ આ મુર્શિદથી અલગ થઈને કદાપિ નથી મળી શક્તી, ભલેને ''મુર્શિદે ખાસ'' ધરાવતો હોય બલ્કે ખૂદ ''મુર્શિદે ખાસ'' બનતો હોય.

**ફલાહે તક્વા** : એના માટે મુર્શિદે ખાસની જરૂરત એ અર્થમાં નથી કે તેના વિના આ ફલાહ મળી શક્તી જ નથી જેમ કે દર્શાવ્યું.

**ફલાહે ઝાહિર** : તેના હુકમો ઉઘાડા છે, માણસ પોતાના ઈલ્મ વડે અથવા ઉલમાને પૂછી પૂછીને મુત્તકી બની શકે છે આમાલે કલ્બમાં જો કે અમુક બારીકીઓ છે પણ સીમિત છે. અને ઈમામોની કિતાબો જેમ કે ઈમામ અબૂ તાલિબ મક્કી તથા ઈમામ હુજ્જતુલ ઈસ્લામ ગિઝાલી વગેરેમાં એની સ્પષ્ટતા કરવામાં આવેલી છે. તો બયઅતે ખાસ વિના ક્યારેક તેનો માર્ગ વિશાળ અને તેનો દરવાજો ઉઘાડો હોય છે.

ઉપરોક્ત લખાણથી એ વાત સ્પષ્ટ થઈ કે ''ફલાહે તક્વા''ના માટે ''મુર્શિદે ખાસ''ની જરૂરત નથી જેથી સૂફીયાએ કિરામનો એ કૌલ કે ''પીર વિહોણો ફલાહ નથી પામતો'' એના પર એટલે કે ''ફલાહે તક્વા'' પર લાગુ થતો નથી.

''ફલાહે તક્વા'' નિઃશંક ! ફલાહ છે ભલે ''ફલાહે એહસાન'' એનાથી ઉચ્ચ તથા મહાન છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **''જો તમે કબીરા ગુનાહોથી બચ્યા તો અમે તમારી બુરાઈઓ નાબૂદ કરી દઈશું અને તમને ઈજ્જતવાળા મકાનમાં દાખલ કરીશું.''** આ નિઃશંક ! મહાન કામયાબી છે. વાત એમ છે કે તક્વો સામાન્ય રીતે દરેક મુસલમાન પર ફર્ઝે અયન છે અને તે આ ફલાહ એટલે અઝાબથી છૂટકારા માટે અલ્લાહના ફઝ્લથી વાયદા પ્રમાણે સત્ય તથા પૂરતુ છે. અહસાન એટલે સુલૂકે રાહે વિલાયત એ ઉચ્ચ કક્ષાનો હેતુ તથા પસંદીદા છે, પણ એના જેમ ફર્ઝ નથી, નહીં તો ઔલિયાના સિવાય કે તેઓ દરેક દૌરમાં એક લાખ ચોવીસ હજાર હોય છે, બાકી કરોડો મુસલમાન તથા હજારો ઉલમા તથા નેક લોકો સૌ મઆઝલ્લાહ ! ફર્ઝ ત્યજનાર થાત તથા ફાસિકો થાત. ઔલિયાએ પણ કદી આ માર્ગની આમ દા'વત નથી આપી. કરોડો મુસલમાનોમાંથી ગણ્યા ગાંઠયાને એના પર ચલાવ્યા અને તેના (રાહે સૂલકના) તાલિબોમાંથી જેને આ બોજ સહન કરવાને લાયક ન જાણ્યા તેમને પાછા કાઢયા. તો ફર્ઝથી વાપસ કરવું કઈ રીતે શક્ય થાય ?! (સારાંશ કે એ ફર્ઝ નથી.)

''અવારિફુલ્ મઆરિફ શરીફ''માં શૈખ શહાબુદ્દીન قدس سرہ લખે છે : ''તબર્રુકનો ખિર્કો દરેકને આપી શકાય છે અને ઈરાદતનો ખિર્કો તેને આપવામાં આવશે જે એને પાત્ર હોય, અપાત્રથી આ રાહની શરતોની માંગણી કરીશું નહીં.

કેવળ એટલું કહીશું કે શરીઅતનો પાબંદ રહે અને ઔલિયાની સોહબત અપનાવે કે શાયદ તેની બરકત તેના ખિર્કાએ ઈરાદતને પાત્ર કરી આપે. જેથી સ્પષ્ટ થયું કે તેને છોડવું કામયાબીને રોકનાર નથી. અકાબિર (મહાન) ઉલમા તથા ઈમામોમાં હજારો એવા ગુજર્યા જેમનાથી બયઅતે ખાસ્સા સાબિત નથી અથવા જો બયઅતે ખાસ્સા કરી તો છેવટની ઉમરમાં ઈમામતનો મર્તબો હાંસલ કર્યા બાદ કરી અને તે પણ ''બયઅતે બરકત'' લીધી, જેમ કે ઈમામ ઈબ્ને હજર અસ્કલાનીએ સૈયદી મદયન قدس سرہ ના દસ્તે મુબારક પર લીધી.

સૈયદી ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે કે **જે એનો (બયઅતનો) ત્યાગ તેના ઈન્કારને લીધે કરે, તેને (બયઅતને) બાતિલ તથા બેકાર જાણે તે જરૂર ગુમરાહ તથા ભલાઈ વિનાનો છે જ્યારે કે મુત્લક (તદ્દન જ) ઈન્કાર કરતો હોય.** અને જો પોતાના સમય તથા શહેરમાં કોઈને બયઅતને માટે પૂરતો (પાત્ર) ન જાણે તો તેનો હુકમ દિલની ગવાહીના સહમત ન હોવાને કારણે અલગ થશે. જો તે પોતાના ઘમંડના કારણે છે તો શું જહન્નમમાં ઘમંડીઓનું ઠેકાણું નથી! અને જો **શરઈ કારણ વિના** બદ્ગુમાનીના કારણે સૌને અયોગ્ય જાણે તો એ પણ કબીરામાં પડનાર છે અને કબીરામાં પડનાર ફલાહ પામનાર નથી. અને જો એનામાં એ વાતો છે કે શંકામાં નાખે છે અને એ સાવચેતીની દૃષ્ટિએ બચે છે તો ઈલ્ઝામ નથી. **''ફલાહે અહસાન''ના માટે બેશક ! મુર્શિદે ખાસ''ની જરૂરત છે** અને તે પણ ''શયખે ઈસાલ''ની, ''શયખે ઈત્તેસાલ'' એના માટે પૂરતો નથી એના હાથ પર પણ ''બયઅતે ઈરાદત'' થાય ''બયઅતે બરકત'' અહીં પૂરતી નથી. આ રાહમાં તે સખત બારીકીઓ તથા સખત અંધકારો છે કે જ્યાં સુધી કામિલ મુકમ્મલ આ રાહની ગુંચવણોથી માહિતગાર હલ ન કરે હલ થશે નહીં, ન સુલૂકની કિતાબોનો અભ્યાસ કામ લાગશે કે કઠણાઈઓ તક્વાની જેમ સીમિત કે ગણત્રીની નથી જેને કિતાબ કન્ટ્રોલ કરી શકે અને તે જૂનો દુશ્મન ધોકાબાઝ ઈબ્લીસ લઈન (લઅનતી) દરેક વખતે સાથે છે, જો બતાવનાર, આંખો ખોલનાર, હાથ પકડનાર, મદદ કરનાર સાથે ન હોય તો ખુદા જાણે કઈ ગુફામાં ફેંકે, કઈ ઘાટીમાં હલાક કરે ! શક્ય છે કે સુલૂક તો દૂર રહ્યું મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) ઈમાન સુધ્ધાં હાથથી જાય !

વાંચકો ! ઉપરોક્ત લખાણથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે સૂફિયાએ કિરામ قُدِّسَتْ اَسْرَارُهُمْ નું ફર્માને આલીશાન કે, ''પીર વિનાનો ફલાહ પામતો નથી'', એ કઈ ફલાહના વિશે છે. અને ''ફલાહે એહસાન''માં ''ખાસ બયઅત'' અને ''ખાસ મુર્શિદ''ની જરૂરત પડે છે. પણ અહીં બયઅતથી મુરાદ ''બયઅતે બરકત'' નથી બલ્કે ''બયઅતે ઈરાદત'' છે, અને શયખથી મુરાદ ''શયખે ઈત્તેસાલ'' નહીં, બલ્કે ''શયખે ઈસાલ'' છે. તેમજ એ પણ જાણવા મળ્યું કે **આજકાલ સામાન્યતઃ જે બયઅત થાય છે તે ''બયઅતે તબર્રુક'' હોય છે અને તે શૈખ (પીર) ''શયખે ઈત્તેસાલ'' હોય છે.** અને એ બાબત પણ સમજવામાં આવી કે આપણા પેશ્વા હઝરાત ઔલિયાએ કિરામ قُدِّسَتْ اَسْرَارُهُمْ દા.ત. હઝરત ખ્વાજા હસન બસરી, હઝરત ખ્વાજા જુનૈદ બગદાદી, હઝરત શૈખ શિબ્લી, હઝરત સર્રી સક્તી અને હઝરત કુત્બે

રબ્બાની મહબૂબે સુબ્હાની હઝરત સૈયદ મુહીયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની قدس سرہ અને હઝરત દાતા અલી હિજવૈરી અને હઝરત સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી અને હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સમ્નાની, હઝરત શૈખ શરફુદ્દીન યહ્યા મુનીરી, હઝરત નિઝામુદ્દીન ઔલિયા, હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત મીર અબ્દુલ વાહિદ બેલગ્રામી, હઝરત શાહ સૈયદ અહમદ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી, હઝરત આલે રસૂલ મારહરવી, હઝરત શયખ ઈમામ અહમદ રઝા મુહિદ્દષે બરેલ્વી તથા હઝરત શૈખ અલી હુસૈન અશરફી મિયાં અને હઝરત અલ્લામા મુસ્તફા રઝા ખાન قدس سرہ વગેરે "શયખે ઈસાલ" હતા અને તેમના શયખો (મશાઈખ) પણ "શયખે ઈસાલ" હતા અને તેમની બયઅત પોતાના મશાઈખથી "બયઅતે ઈરાદત" હતી અને આ હઝરાત "ફલાહે એહસાન"ના આ'લા દરજા પર બિરાજમાન હતા અને છે.


## અનમોલ કિતાબ મંગાવો

**કિતાબ** : **હિક્મતે નમાઝ** *(ઉર્દૂ ભાષા ગુજરાતી લિપિ)*

**લેખક** : હઝરત હાફિઝો કારી મૌલાના શાકિર રઝવી નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

**પ્રકાશક** : સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા

**સરનામુ** : C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨,

**હદિયો** : રૂા. ૫/– [પોસ્ટ ખર્ચ રૂા. ૧]


## પીરના કાર્ય પર મુરીદ ક્યારે વાંધો ઉઠાવી શકે ?!

અને એ બાબત પણ સ્પષ્ટ થઈ ગઈ કે જે એવું કહેવામાં આવે છે કે "મુરીદે શયખના કોઈ કાર્ય પર એતરાઝ ન કરવો જોઈએ" એનાથી મુરાદ તે શયખ જે "શયખે ઈસાલ" હોય છે, અને તેની બયઅત "બયઅતે ઈરાદત" હોય છે. જેથી જો શયખ "શયખે ઈત્તેસાલ" હોય અને બયઅત "બયઅતે તબર્રુક" હોય (જેમ કે આજકાલ લોકો કરે છે) તો મુરીદને શયખની વિરૂધ્ધ શરીઅત વિરૂધ્ધ વર્તન બાબતે એતરાઝનો હક્ક હાંસલ છે. અને ત્યાં મના એટલા માટે કરવામાં આવ્યું છે કે તે **"શયખે ઈસાલ" શરીઅતની વિરૂધ્ધ કદમ ઉઠાવશે નહીં, પણ તે મુરીદની આજમાઈશના માટે એવું કામ કરશે** જેને મુરીદ પોતાના અલ્પજ્ઞાનની લીધે તેને ખિલાફે શરઅ સમજશે તો તેને રોકી દેવામાં આવશે કે વાંધો ન ઉઠાવ, સબ્ર કર, તારા પર ખોલી દેવામાં આવશે કે તારા શૈખનું કામ શરીઅતની રૂએ દુરુસ્ત છે. જેથી તે હઝરાત જેઓ પીરી મુરીદીનો દા'વો કરે છે અને "શયખે ઈત્તેસાલ"ની ચાર શરતો પણ તેમનામાં નથી હોતી અને લોકોને મુરીદ કરીને કહે છે કે, "અમારા અમલો કાર્યો પર વાંધો ન ઉઠાવશો એટલા માટે કે અમે મુર્શિદ છીએ અને સૂફિયાએ કિરામ હઝરાતે અમારા વાણી તથા વર્તન પર વાંધો ઉઠાવવાથી મના કર્યું છે." તો એવા (બનાવટી) પીરોએ આ વાતોથી દૂર રહેવું જોઈએ અને અલ્લાહ તઆલાથી ડરવું જોઈએ અને આખેરતની ફિકર કરવી જોઈએ અને આપણા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم થી હયા કરવી

જોઈએ. અલ્લાહ તઆલા આપણને હક્ક પર અડગતા અતા ફર્માવે. (આમીન)

અંતમાં તમામ મુસલમાનોને વિનંતિ છે કે **આ લખાણને વારંવાર વાંચો અને તેના પ્રકાશમાં ખરા ખોટા પીરની ઓળખ ખૂદ કરી લો ! કોઈના મોટા ઘરાના કે લોકોની ભીડભાડ અને પછડાક્યાં મારીને ના'રા મારનારાઓના દેખાવોથી તેમજ લાલચુ દુનિયા પરસ્ત મોલ્વીઓના સ્ટેજ પર ઉભા રહી પીર તરફ આંગળી ચીંધી ચીંધીને વખાણો કરી દેવાથી કે લકબોના એલાનો કરી દેવાથી ભરમાશો નહીં !**

**ખબરદાર ! અંધશ્રધ્ધાથી નહીં પણ શરીઅતમાં શ્રધ્ધા રાખીને શરીઅતના ત્રાજવે જ જેને પીર સમજો તેને તોલી જુઓ ! અગર ઉપરોક્ત ચાર શરતોમાંથી કોઈ એક પણ તૂટતી કે છૂટતી જણાય તો તે ગમે તે હોય શકે છે પીર નથી થઈ શક્તો ! વલી નથી થઈ શક્તો !** એ વાતની ગાંઠ વાળી લેશો, અને એવા ફાસિક કે જાહિલના હાથમાં હાથ આપશો નહીં, નહીં તો તમે નાઈન્સાફી કરી ગણાશે. માટે ખુદાએ સદ્‌બુદ્ધિ આપી, શરીઅત તમારા સામે રાખી તો તેનાથી જ કામ લો. ખુદા પાક તેના રસૂલે પાકના સદકામાં સૌને સાચી સમજ આપે. (આમીન)

**નોંધ** : **''સાચા પીરની ઓળખ''** માટે વધુ માહિતી જાણવા માગતા હોય તેમણે **''સૂફીપણાની વાસ્તવિક્તા''** કિતાબ **દયાદરા**ના સરનામેથી (મફત) મંગાવવી.

**وما علینا الا البلاغ المبین**

# આલમી તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી"ના મુબલ્લિગ બનો !

**''સુન્ની દા'વતે ઈસ્લામી'' એ વિ□વ્યાપી સુન્ની તેહરીક છે કે જે...**

★ દિલોને ઈશ્કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની મીઠાશથી તર બતર કરવા કાર્યરત છે.

★ ઈશ્કે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની હકીકતની પેહચાન કરાવનારી ચળવળ છે.

★ મહબ્બતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નો દાવેદાર કેવો હોવો જોઈએ તેની સહી સમજ આપતી તેહરીક છે.

★ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી પ્યારી સુન્નતો પ્રતિ લોકોને આકર્ષતી બેમિષાલ તેહરીક છે.

★ યુવાનો યુવતીઓને ઈસ્લામ વિરૂધ્ધ, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનો તથા સુન્નતો વિરૂધ્ધની અંગ્રેજી ઢબની જિંદગી ત્યજીને સાચા માર્ગે ચાલતા કરનારી ચળવળ છે.

★ ઈલ્મ તથા ઉલમાથી મહોબ્બત તથા લગાવ રાખવાનો પૈગામ આપનારી તેહરીક છે.

★ **ગૌષો ખ્વાજા વ રઝા** رضی اللہ عنہم ના મિશનનો સંદેશ ઘર ઘર પહોંચાડનારી તેહરીક છે.

અગર તમો પોતાની તથા તમારી ઔલાદની ભલાઈ ચાહતા હોઉ, ચાહતા હોઉ કે બેહયાઈનો માહોલ દૂર થાય અને સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નતો ભર્યો દીની શરીઅત મુજબનો પાકીઝા માહોલ પેદા થાય, તો આવો ! **''સુન્ની દા'વતે ઈસ્લામી''**માં જોડાઈ જાવ !

મુબલ્લિગ બનવા તર્બિયત મેળવવા માટે સંપર્ક કરો:

**મદ્રસા બરકાતે ખ્વાજા** GRWB/056/Bharuch/02
મુા. પો. તા. આમોદ,(ઠે. ચાર રસ્તા), જિ. : ભરૂચ, ગુજરાત, ઈન્ડિયા,
પિન: ૩૯૨ ૧૧૦, ફોન નં: (૦૨૬૪૧–૨૪૬૧૯૨), મો. ૯૮૨૪૪૮૬૪૪૩

**★ (મર્કઝ) સુન્ની દા'વતે ઈસ્લામી ★**
**ઈસ્માઈલ હબીબ મસ્જિદ, મુહમ્મદ અલી રોડ, મુંબઈ.**